ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૭.૭ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૩૪ ટકા

# શહેરના જાહેરસ્થાનોને સેનીટાઈઝ કરાયા





ગાંધીનગર, તા.૨૩
કોરોના વાયરસના ભયના માહોલ વચ્ચે નાગરીકોની આવન-જાવન રહેતી હોય તેવા ૪૦ થી વધુ જાહેર સ્થળો પર મેડીકલ ઓફિસરની સુચના મુજબ ફાયર બ્રિગ્રેડની ટીમ દ્વારા સેનેટાઈઝેશનની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ફાયરની ત્રણ ગાડીઓ દ્વારા ૧૫ થી વધુ જવાનોએ સવારથી સાંજ સુધી ૧૦ હજાર લીટર મીશ્રણ સહિત સેનેટાઈઝરનો છંટકાવ કર્યો હતો. સીએમ હાઉસ, સીએમ હાઉસ, રાજભવન, કલેકટર કચેરી, એમએસ ઓફીસ, સહિતના જાહેર સ્થળો આવરી લેવાયા છે. ત્યારે ચીફ ફાયર ઓફિસર મહેશ મોડના માર્ગદર્શન હેઠળ કામગીરી કરી રહેલી ટીમની સમિક્ષા માટે સ્ટેન્ડીગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ) પણ કેટલાક જાહેર સ્થળો પર હાજર રહીને સેનેટાઈઝેશનની કામગીરી નિહાળી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરમાં ચાર કોરોના દર્દીઓ પોઝીટીવ સારવાર હેઠળ છે. આ સ્થિતિમાં મહાનગર પાલિકાની ફાયર સર્વિસ દ્વારા મેડીકલ ઓફિસરની સુચના મુજબ વિવિધ જાહેર સ્થળોએ દવાનો છંટકાવ કરીને સેનેટાઈઝેશન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરમાં જાહેર સ્થળોએ સેનેટાઈઝેશનની કામગીરી હાથ ધરાઈ હતી. તેમાં શહેરના સેકટર-૭,૨૧,૨૨, ૨૪, ૨૭, ૨૯, સહિતના વાણીજય શોંપીગ સેન્ટરોમાં ઉપરાંત શહેરના બગીચાઓ તેમજ રહેણાંક વિસ્તારમાં સહિત એસટી ડેપો, સીટી બસ ડેપો, કોર્ટ બિલ્ડીંગ, એલસીબી પોલીસ ઓફિસ, સેકટર-૨૧ પોલીસ મથક, એમએલએ કવાટર્સ, સે-૨૧ મસ્જિદ, સે-૨૧ આર વર્લ્ડ આસપાસનો વિસ્તાર, લાયબ્રેરી, જીમખાના, પંચદેવ મંદિર, અપના બજાર, ડી માર્ટ સહિતના વિસ્તારને આવરી લેવાયો હતો.

## જનતા કરફ્યુ દરમ્યાન ગામડે ચાલ્યા ગયેલા હવે પરત ફરવાની અવઢવમાં..!!!

### લોકડાઉનની જાહેરાત કરી દેવાતા ઘણાંને ગામડે જતા રહેવુ છે પણ સરકારનો નનૈયો..!!

ગાંધીનગર, તા. ૨૩
શહેરમાં કોરોના વાયરસને પગલે સરકાર દ્વારા ''લોકડાઉન'' જાહેર કરવામાં આવ્યુ છે જેને પગલે નાગરિકોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવાની આવશ્યકતા સિવાય ઘરની બહાર નહી નીકળવા સલાહ આપવામાં આવી રહી છે. આ સ્થિતિમાં નાગરિકો બિનજરૂરી રીતે અવરજવર કરી વાયરસ વધુ ફેલાય તે સ્થિતિ ના સર્જે તે માટે શહેરની ફરતે બહાર આવવા-જવાના રસ્તાઓ પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. મુખ્યમંત્રીએ સલાહ આપી છે કે જે વ્યક્તિ જ્યાં હોય ત્યાં રહે પરંતુ જનતા કરફ્યુને પગલે શનિ-રવિમાં પોતાના વતન જતા રહેલા પરિવારો પાછા શહેરમાં આવવા પ્રયાસ કરી રહ્યાં છે. જ્યારે બીજી તરફ હવે શહેરમાં હરવા-ફરવાનું બંધ કરી દેવાયુ હોવાથી ઘણા પરિવારો પોતાના વતનમાં જવા ઈચ્છી રહ્યાં છે. આ બંને પ્રકારના પરિવારો અવઢવમાં મુકાયા છે અને જે પરિવારોએ પરત આવવા પ્રયાસ કર્યો તેમને પોલીસની પુછપરછમાંથી પસાર થવું પડી રહ્યું છે.

હવે રાજ્યભરમાં લગભગ કરફ્યુ જેવી સ્થિતિ નિશ્ચિત કરી દેવામાં આવી છે ત્યારે આટલાં દિવસ શહેરમાં કામ-ધંધા-વ્યવસાય વગર રહેવાનું હોવાથી પોતાના વતનમાં ગ્રામ્ય વિસ્તારમાં પરત ફરવા અનેક પરિવારો ઈચ્છી રહ્યાં છે. જોકે સરકાર ઈચ્છે છે કે કોઈપણ નાગરિક શહેર છોડીને ના જાય અને જે શહેરની બહાર છે તે જ્યાં છે ત્યાં જ રહે તેથી વાયરસ સંક્રમણની સ્થિતિ ના સર્જાય. આ પરિસ્થિતિમાં શહેરમાં પ્રવેશતા તમામ વાહનોને પોલીસ દ્વારા અટકાવી પુછપરછ કરવામાં આવી રહી છે અને મુસાફરીનું વાજબી કારણ માંગવામાં આવી રહ્યું છે. રવિવારે વડાપ્રધાને આહ્‌વાન કરેલા જનતા કરફ્યુ દરમ્યાન શનિ-રવિ હોવાને કારણે નજીકના મુખ્ય વિસ્તારમાં વતન ધરાવતા કેટલાંક નાગરિકો પરિવાર સહિત ગામડે ચાલ્યાં ગયા હતા જેઓને વધુ દિવસ રોકાવુ પડશે તેવી સ્થિતિ સર્જાવાનો અંદાજ નહોતો તેથી પોતાની સાથે વધુ કપડાં કે અન્ય જરૂરી સામાન પણ નહોતા લઈ ગયા તેઓ હવે પાછા શહેરમાં આવવા ઈચ્છી રહ્યાં છે તેમને તંત્ર દ્વારા અટકાવાઈ રહ્યાં છે.



### રેસ્ટોરન્ટ-હોટેલના હજારો પરપ્રાંતિય કારીગરો ''માલિકો'' માટે જવાબદારી બન્યા..!!

શહેરમાં રેસ્ટોરન્ટ-હોટેલ્સ વગેરેને બંધ કરી દેવાયાં છે જેને પગલે તેમાં રસોઈ બનાવવાથી માંડીને 'સર્વિસ' આપવાનું કામ કરતા મોટા ભાગના કારીગરો જે પરપ્રાંતિય છે તેઓને રેસ્ટોરન્ટ-હોટલ માલિક દ્વારા જે રહેવાની વ્યવસ્થા પુરી પડાઈ હતી તેમાં જ કેદ થવુ પડ્યુ છે. આ પરપ્રાંતિય કારીગરો જેઓ રાજસ્થાન, યુપી-બિહાર સહિતના અન્ય રાજ્યોના છે તેમને પોતાના વતન પાછા જવુ હતુ પરંતુ હવે નથી ટ્રેનો ચાલુ કે નથી બસો ચાલુ. સરકાર પણ જે નાગરિકો જ્યાં હોય ત્યાંજ સોશ્યલ ડિસ્ટન્સિગ જાળવે તેવું ઈચ્છતી હોવાથી હવે આ કારીગરોને તેમના માલિકો દ્વારા 'નિભાવવા'' પડી રહ્યાં છે જે માટે રહેવા-જમવાની વ્યવસ્થા કરવા સાથે તેઓ ક્યાંય હરેફરે નહી તેની પણ તકેદારી રાખવી પડી રહી છે.

## બાઈક સ્લીપ થતા સરગાસણના આશાસ્પદ યુવકનું મૃત્યુ


ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગર સરગાસણ ચાર રસ્તાથી આશ્કા હોસ્પિટલ તરફ જવાના માર્ગ પર ગત રોજ સાડા આઠ વાગ્યાના અરસામાં બાઈક સ્લીપ થઈ જતા બે યુવકો માર્ગ પર પટકાયા હતા. જેમાં એક યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયુ હતું જયારે બીજા યુવકને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મળતી માહિતી મુજબ સરગાસણ ગામમાં વેરાઈ માતાજીના મંદિર પાસે રહેતો ૨૦ વર્ષિય હર્ષ ભરતભાઈ ગુર્જર પોતાનુ કેટીએમ બાઈક નં. જી.જે.૧૮.સી.એલ. ૨૧૭૫ લઈને તે અને મિત્ર સમીર અભેસિંહ વાઘેલા નીકળ્યા હતા. સરગાસણ ચોકડી થી તેઓ આશ્કા હોસ્પિટલ તરફ જઈ રહ્યા હતા. તે સમયે અચાનક બાઈક ડીવાઈડર સાથે ટકરાતા બાઈક સ્લીપ ખાઈ જતા બંન્ને મિત્રો માર્ગ પર પટકાયા હતા. જેમાં બંનેને માથાના ભાગે તેમજ શરીરે ઈજા પહોંચતા દોડી આવેલા નાગરીકો તેમને તાત્કાલીક આશ્કા હોસ્પિટલ લઈ ગયા હતા. જયાં સારવાર દરમિયાન રાત્રે સાડા અગીયાર વાગ્યાના અરસામાં હર્ષને ડોકટરે મૃત જાહેર કર્યો હતો. હોસ્પિટલ ખાતે પરિવારના સભ્યોના હૈયાફાટ રૂદનથી સૌની આંખો ભીની બની હતી. જયારે સમીરને વધુ સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે સરગાસણ ગામના આશાસ્પદ મૃતક યુવાન હર્ષ ના પરિવારમાં તેના માતા-પિતા અને નાનો ભાઈ છે. જયારે તેના પિતા કન્સ્ટ્રકશન વ્યવસાય સાથે સંકળાયેલા છે. મૃતક હર્ષે રોડ પર જવુ છે કહીને ગાડી માંગી હતી .પિતાએ ના પાડતા તે બાઈક લઈને ઘરેથી નીકળ્યો હતો. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા સોસાયટીઓ જાગ્રત બની

### વાવોલથી લઈને સરગાસણ-કુડાસણ સહિતની સોસાયટીમાં હોદ્દેદારોએ નિયમો નક્કી કર્યા : સોસાયટીમાં ફેરિયાઓને પ્રવેશ બંધી સાથે ચાર-પાંચ વ્યકિતને એકઠાં થવા પર પ્રતિબંધ : નાના બાળકોને રમવા બહાર નહીં મોકલવા તાકીદ : ઘરઘાટીઓને રજા આપી દેવા સલાહ

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગરમાં કોરોના વાઈરસગ્રસ્ત પોઝિટીવ કેસોમાં થઈ રહેલા વધારાને પગલે નાગરિકોમાં ચિંતાનો માહોલ પ્રવર્તવા લાગ્યો છે. શહેરની આસપાસ ગુડા વિસ્તારોની સોસાયટીઓમાં પણ આ બાબતે વધુ ગંભીરતા જોવા મળી રહી છે અને વિવિધ સોસાયટીઓમાં હોદ્દેદારો દ્વારા કોરોના વાઈરસના સંક્રમણથી બચવા વસાહતીઓને ઘરમાં પુરાઈ રહેવા, કોમન પ્લોટમાં એકઠાં નહીં થવા તથા ફેરિયાઓની પ્રવેશબંધી, મહેમાનોને ઘરે નહીં બોલાવવા તાકીદ કરવા જેવા નિર્ણયો સાથે સોસાયટીના દરવાજે હેન્ડ સેનેટાઈઝરની વ્યવસ્થા ઉભી કરવા સુધીના પગલાં લેવામાં આવી રહ્યાં છે.




ગુડા વિસ્તારમાં વિકસેલા ફલેટ, એપાર્ટમેન્ટસ, ટેનામેન્ટસ, ડુપ્લેક્ષ તથા રૉ-હાઉસ વગેરે સહિતની સોસાયટીઓમાં કોસ્મોપોલિટન કલ્ચર એટલે કે અનેકવિધ પ્રાંતના રહીશો રહેતા હોય તેવી સ્થિતિ છે. ખાસ કરીને કુડાસણ, સરગાસણ, રાયસણ, રાંદેસણ વગેરે વિસ્તારોમાં આ પરિસ્થિતિ વિશેષ જોવા મળી રહી છે. વળી, વાવોલ જેવા વિસ્તારમાં પણ ઘણી બધી નવનિર્મિત સોસાયટીઓનો વિકાસ છેલ્લાં દસ વર્ષમાં થવા પામ્યો છે. જેમાં રાજયભરમાંથી આવેલા નાગરિકો વસવાટ કરી રહ્યાં છે.

આ સોસાયટીમાં વિદેશ અભ્યાસ અર્થે ગયેલા વિદ્યાર્થીઓ ઉપરાંત રહીશોના અંગત સગા-સ્નેહીજનો વિદેશમાં રહેતા હોય અને અહીં આવન-જાવન કરતા હોય તેવા પરિવારોની સંખ્યા પણ નોંધપાત્ર છે. આ સ્થિતિમાં નજીકના સમયમાં કોઈ વિદેશથી પરત આવ્યું હોય તેવી શકયતા લગભગ દર બીજી સોસાયટીમાં પ્રવર્તી રહી છે. જો એવું હોય ત્યારે કોરોના વાઈરસને ફેલાવા માટે રહીશોની બેકાળજીથી મોકળું મેદાન મળી શકે છે જેને અનુલક્ષીને સોસાયટીના હોદ્દેદારો દ્વારા રહીશો ઘરમાં જ રહીને સરકારે જારી કરેલા 'લોકડાઉન'ના નિયમોને પાળે તે હેતુથી કેટલાંક નિયમો જાહેર કરવામાં આવી રહ્યા છે જેના થકી રહીશોની હિલચાલને નિયંત્રિત અને કોરોના વાઈરસ સંક્રમણની ચેઈનને તોડી શકાય. વાવોલની વૈદેહી સોસાયટીમાં કરવામાં આવેલા ઠરાવ મુજબ સોસાયટીમાં ફેરિયાઓને પ્રવેશબંધી ફરમાવવા સાથે, ઘરકામ કરનારાઓને રજા આપવા, કોઈ અત્યંત અનિવાર્ય સ્થિતિ ના હોય ત્યાં સુધી મહેમાનોને ઘરે નહીં બોલાવવા, નાના બાળકોને ઘરની બહાર રમવા નહીં મોકલવા, લીફટના બટન હાથથી દબાવવાને બદલે અન્ય વસ્તુનો ઉપયોગ કરવા તથા કામ સિવાય સોસાયટીમાં ચાર-પાંચ વ્યકિતઓને એકઠાં નહીં થવા નિયમો જારી કરવામાં આવ્યા છે. આ સાથે સોસાયટીના પ્રવેશદ્વારે સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી છે.

### બેસણાં-કાંણ મોકુફ રાખવામાં આવ્યા

કોરોના વાઈરસને પગલે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ લૉકડાઉનની સ્થિતિમાં નાગરિકોને સોશિયલ ડિસ્ટન્સિંગ અપનાવવા માટે એકઠાં નહી થવા તાકીદ કરવામાં આવી રહી છે. આ સ્થિતિમાં જે કોઈના પરિવારમાં કોઈ વ્યકિતનું અવસાન થયું હોય તેમના સ્વજનો દ્વારા સામે ચાલીને બેસણાં-કાંણ વગેરે મોકુફ રાખવાની જાહેરાત કરવામાં આવે છે જેથી વધુ વ્યકિતઓ એકઠાં ના થાય અને કોરોનાને ફેલાવા માટે મોકળું મેદાન ના મળે.

### શાલીન-૪માં પ્રવેશદ્વારે હાથ ધોવાની સુવિધા ઉભી કરાઈ

વાવોલની શાલીન-૪ એપાર્ટમેન્ટ સોસાયટીમાં પ્રવશદ્વારે તાત્કાલિક વૉશબેસીન લગાડી પાણીની સુવિધા સાથે હેન્ડ સેનેટાઈઝ કરવા લિકવીડ શૉપની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ સાથે અહીં સૂચના લગાડી દેવામાં આવી છે કે સોસાયટીમાં પ્રવેશતા કોઈ પણ સભ્યો કે મુલાકાતીઓએ ફરજિયાત હાથ ધોઈને જ અંદર જવું શાલીન-૪ના આ પગલાંને અન્ય સોસાયટીઓએ પણ આવકાર આપી અપનાવવા ચક્રો ગતિમાન કર્યા છે.



# સોશિયલ મીડિયામાં કોરોના સંબંધિત મેસેજ ભારે ગેરસમજો સર્જે છે

ગાંધીનગર, તા.૨૩
કોરોના વાયરસનો ભય વિશ્વમાં વ્યાપી રહ્યો છે. એક પછી એક મૃત્યુદર વધતો જઈ રહ્યો છે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા નગરજનોને ઘરમાં જ સ્વસ્થ રહેવા જણાવાયું છે **stay safe stay home** ના હેશ ટેગ સાથે સમગ્ર વિશ્વમાં દરેક પોત પોતાના અનુભવો સોશિયલ મીડિયામાં શેર કરી રહ્યા છે. સોશિયલ મીડિયામાં કોરોના એ હાહાકાર મચાવ્યો છે. એકબીજા સુધી ખબર પહોંચાડવા માટે સોશિયલ મીડિયાનો સૌથી વધુ પ્રમાણમાં હાલ ઉપયોગ થઈ રહ્યો છે આમાં કયો મેસેજ વિશ્વસનીય છે કે કયો અવિશ્વસનીય તે જાણી શકાતું નથી. આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા પણ વિડીયો કોન્ફરન્સ યોજી દેશના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે કોરોનાને લઈને કોઈ પણ ખોટી માહિતી ને વિશ્વસનીય ગણવી નહીં કે તેનો ફેલાવો પણ જાણ્યા વગર કરવો નહીં.

કોરોનાથી બચવા સાવચેતીના પગલાને ધ્યાનમાં લઈને ઘરમાં રહેવાના આ સમયનો સદુપયોગ કરવા માટે ઘણા રસ્તા છે આખો દિવસ ફોન લઈને બેસવું અને તેમાં આવી રહેલ કોઈ પણ માહિતીને સાચી માની લેવી ખોટી વાત છે હા આજકાલ ટેકનોલોજીનો વ્યાપ એટલો વધી ગયો છે મોબાઈલ ફોન વગર કોઈને પણ ચાલતું નથી. સોશિયલ મીડિયાની કોઈપણ એપ્લિકેશન દ્વારા ઘણા ખરા સંદેશા ઝડપથી વહી જાય છે પરંતુ દરેક સંદેશાનો વિશ્વાસ કરવો તે જરૂરી પણ નથી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા પણ દેશના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે કોરોનાને લગતા કોઈપણ મેસેજ મને ખાત્રી કર્યા વગર ફોરવડ ન કરવા સાથે કોઈપણ મેસેજ બાબતે ખાત્રી કર્યા વગર વિશ્વાસ કરવો નહીં. કોરોનાથી બચવા લેવાના તમામ પગલા બાબતે સોશિયલ મીડિયાની ઓફિશિયલ સાઈટ તથા સમાચાર પત્રોમાં જણાવવામાં આવેલું છે તે સિવાય કોઈ પણ ઉપાય કરતા પહેલા એક્સપર્ટ એડવાઈઝ લઈ લેવી સમગ્ર પરિસ્થિતિમાં એક સાથે મળીને ચાલવા અગ્રણીઓ જણાવી રહ્યા છે. ગ્રામીણજનો તુરંત જ તમામ સંદેશા પર વિશ્વાસ કરી બેસે છે શહેરમાં વસતા તેમના પરિવારજનોને પોતાનું કામ પડતું મૂકી પરત ફરવા જણાવી રહ્યા છે. સોશિયલ મીડિયામાં સર્જાતો ભય તમામને ભરખી રહ્યો છે માટે **whatsapp** કે કોઈપણ અન્ય સોશિયલ મીડિયાની એપ્લિકેશનના માધ્યમથી આવતા સંદેશાનો તરત જ વિશ્વાસ કર્યા વગર તેની વિશ્વસનીયતા ચકાસવા તંત્ર દ્વારા જણાવાયું છે. સાથે જે જનતા કોરોનાની બાબતને ગંભીરતાથી નથી લઈ રહી અને ઘરની બહાર નીકળી જાય છે તેમને ઘરે જ રહી સમય પસાર કરવા જણાવાયું છે.